**વડીલોને વંદન**

**અભિનંદન**



રંજનબેન એ. શાહ
(૧૯૪૬)ફોન: ૨૩૨૩૭૩૩૩







ગાંધીનગર સેવાકીય પ્રવૃત્તિથી ધમધમતું શહેર છે. રોજ-બ-રોજ સામાજીક પ્રવૃત્તિથી ધમકતા આપણાં આ નગરમાં શનિવારે 'સર્પન્ટ કન્સલટન્સી' દ્વારા સે-૧૧ સ્થિત ઝુંપડપટ્ટીનાં બાળકો તેમજ તેમનાં માતા પિતાને હાથ ધરવાની ટેવો કેળવવાની તેમજ દાંત સાફ કરવાની તથા ફાયદા વિશે સમજણ આપવામાં આવી. આ તમામ ઝુંપડાવાસીઓને ટુથબ્રશ અને ટુથપેસ્ટ વહેંચવામાં આવ્યા હતા. ડૉ. શ્રીના પટેલ અને ડૉ. મયુર દ્વારા દાંતની સફાઈ વિશે તેમજ ડૉ. ધ્રુવ ઠકકર દ્વારા હાથ તેમજ શરીરની સફાઈ વિશે સમજણ આપવામાં આવી હતી. 'સર્પન્ટ કન્સલટન્સી'નાં જય વોરા, હુસેનભાઈ દ્વારા આયોજીત આ સેવાકીય કાર્યમાં સંસ્થાનાં બીજા સાથીઓ પણ હોંશભેર જોડાયા હતાં. (તસવીર : કશ્યપ નિમાવત)

## આર.જી. કન્યા શાળામાં કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરના સે-૨૩ સ્થિત કડી સર્વ વિદ્યાલય કેમ્પસમાં આવેલી આર.જી. કન્યા શાળામાં ધોરણ-૧૨ કોમર્સની વિદ્યાર્થીનીઓને ઉચ્ચ અભ્યાસ અને કારકિર્દી બાબતે માર્ગદર્શન સેમિનાર યોજવામાં આવ્યો હતો. આ સેમિનારમાં અમદાવાદના એચ.એલ. કોમર્સ કોલેજના ડૉ. ઠકકર સાહેબ અને અશ્વિનભાઈ કોમર્સ કોલેજના આચાર્ય ભટ્ટ સાહેબની રાહબરી હેઠળ સી.એ. ફાઉન્ડેશન કોર્સ અંગે માહિતી આપવામાં આવી હતી. આ સેમિનારમાં કુલ ૧૭૦ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.

## કેજરીવાલના શપથગ્રહણને ધાનેરા 'આપ' સભ્યોએ ઝાડુ ચલાવી વધાવ્યો

ધાનેરા, તા.૨૮

દિલ્હીમાં આમ આદમી પાર્ટીના અરવિંદ કેજરીવાલે મુખ્યમંત્રી પદે શપથ ગ્રહણ કરતા તેના પડઘા બનાસકાંઠાના સરહદી વિસ્તારમાં પણ પડી રહ્યા હતા. ધાનેરાના આમ આદમી પાર્ટીના સભ્યોએ આ પ્રસંગે જુના બસ સ્ટેન્ડ રોડની ઝાડુથી સફાઈ કરી ઉજવણી કરી હતી. ધાનેરા 'આપ'ના સંયોજક ઈન્દરભાઈ તુવરે જણાવ્યું હતું કે રોડની જેમ ધાનેરા શહેર અને સરકારી કચેરીમાં વ્યાપેલ ભ્રષ્ટાચારની પણ સફાઈ કરીશું તેમજ આવનાર નગરપાલિકાથી લઈને લોકસભાની તમામ ચુંટણીઓમાં ઝંપલાવીશું તેમજ ધાનેરાની રાજનિતીમાંથી ગંદકી સાફ કરીને રહીશું.

# લોકસભા ચૂંટણી માટે સંભવીત ઉમેદવારોની પસંદગી માટે કોંગ્રેસમાં બેઠકોનો દોર શરૂ

ગાંધીનગર, તા.૨૮

ગુજરાત કોંગ્રેસ દ્વારા આગામી લોકસભા ચૂંટણી માટે સંભવીત ઉમેદવારોની પસંદગી માટે કવાયત શરુ કરી છે અને આઠ જેટલી લોકસભા બેઠકોની સ્થાનિક રાજકીય પરિસ્થિતિ અંગેની સમીક્ષા કરીને તાગ મેળવવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.

કોંગ્રેસ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ લોકસભા ચૂંટણી આડે હવે ગણતરીના મહિનાઓ જ બાકી રહ્યા છે ત્યારે કોંગ્રેસ અને ભાજપ બંને પક્ષો દ્વારા આ ચૂંટણીની તૈયારીઓ શરુ કરી દેવામાં આવી છે. કોંગ્રેસ દ્વારા સંભવીત ઉમેદવારોની પસંદગી માટે કવાયત શરુ કરી દેવામાં આવી છે.

છેલ્લા બે દિવસ દરમિયાન પ્રદેશ કોંગ્રેસના નેતાઓએ જિલ્લા આગેવાનો અને લોકસભા બેઠકના નિરીક્ષકો સાથે બેઠકોનો દોર ચાલુ રાખીને આઠથી વધુ લોકસભા બેઠકોની સ્થાનિક રાજકીય અને સામાજીક પરિસ્થિતિ અંગે ચર્ચા વિચારણા કરીને તાગ મેળવવામાં આવતો હોવાનું જાણવા મળે છે.

ખાસ કરીને ભાજપના ગઢ વાળી શહેરી વિસ્તારની બેઠકો પર આ વખતે કોંગ્રેસે ધ્યાન કેન્દ્રિત કર્યું છે અને આ બેઠકો પર સ્વચ્છ અને પ્રતિભાશાળી તેમજ શિક્ષિત ઉમેદવારો શોધવા માટેની કવાયત પ્રદેશ કોંગ્રેસ દ્વારા હાથ ધરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ હાલમાં કોંગ્રેસના વર્તમાન સંસદસભ્યોની લોકસભા બેઠકો પરની પણ વર્તમાન રાજકીય પરિસ્થિતિનો તાગ મેળવવામાં આવનાર છે અને આગામી લોકસભા ચૂંટણીમાં કયા વર્તમાન સાંસદોને રીપીટ કરવા કેટલા સાંસદોને રીપીટ ન કરવા આ અંગે જિલ્લા નિરીક્ષકો પાસેથી અહેવાલો મેળવ્યા બાદ પક્ષના મોવડી મંડળને અહેવાલ આપવામાં આવશે અને મોવડી મંડળ દ્વારા આ અંગે આખરી નિર્ણય લેવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

આગામી એક સપ્તાહ દરમિયાન બેઠકોનો દોર ચાલુ રાખીને ગુજરાતની તમામ ૨૬ લોકસભા બેઠકોની સમીક્ષા કરીને સંભવીત ઉમેદવારોના નામો અંગેની એક પેનલ યાદી તૈયાર કરી દેવામાં આવશે અને ત્યારબાદ મોવડી મંડળ દ્વારા નિમવામાં આવનાર નિરીક્ષકો સાથે પરામર્શ કરીને આ પેનલ યાદીના નામો પર ચર્ચા કરીને આખરી પેનલ યાદી તૈયાર કરીને જાન્યુઆરીના બીજા સપ્તાહમાં મોવડીમંડળને મોકલી આપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

## મુખ્યમંત્રીએ ૨૦૧૪ના કેલેન્ડરનું કરેલુ વિમોચન

ગાંધીનગર, તા.૨૮

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ગુજરાત સરકારના વાર્ષિક કેલેન્ડર ૨૦૧૪નું વિમોચન કર્યું હતું.

રાજ્ય સરકારના સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી વિભાગ દ્વારા તૈયાર થયેલા આ વાર્ષિક કેલેન્ડર ૨૦૧૪નું પ્રકાશન રાજ્ય સરકારના માહિતી કમિશ્નરે પ્રસિદ્ધ કર્યું છે. આ સાથે જ મુખ્યમંત્રીએ ભારતના પૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપાઈજીના જન્મદિવસે રાષ્ટ્ર સુશાસન દિવસ તરીકે ઉજવે છે તે નિમિત્તે રાજ્ય સરકારના માહિતી વિભાગો પ્રકાશિત કરેલ સુશાસન જનજનની અનૂભુતિ ગુજરાતી અને અંગ્રેજી એમ બે પુસ્તકોનું વિમોચન પણ આજે કર્યું હતું. ગુજરાતે છેલ્લા એક દશકમાં અભૂતપૂર્વ ગતિથી દરેક ક્ષેત્રે વિકાસની સિદ્ધિઓ જનભાગીદારીથી પ્રાપ્ત કરી છે અને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશને રાજ્યના સુશાસનની અનૂભુતિ કરાવી છે. આ હકીકત સામાન્ય નાગરીકોની સ્વાનુભૂતિરૂપે આ પુસ્તિકામાં સંકલિત કરીને રજુ કરવામાં આવી છે.

## કેજરીવાલનો રાજતિલક

● અનુસંધાન પહેલાનું ચાલુ

રામલીલા મેદાન ખાતે અગાઉ કેજરીવાલ પહોંચ્યા ત્યારે ચાહકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. રામ લીલા મેદાનખાતે તેઓ તેમની મારૂતિ કાર લઈને પહોંચ્યા હતા. ૪૫ વર્ષીય કેજરીવાલ પાસેથી લોકો ઘણી અપેક્ષાઓ રાખી રહ્યા છે. ભૂતપૂર્વ રેવેન્યુ સર્વિસના અધિકારી ૪૫ વર્ષીય કેજરીવાલે અણણા હજારેની લોકપાલ માટેની ચળવળ દરમિયાન સક્રિયરીતે ભાગ લીધો હતો અને ત્યારબાદ અણણાથી અલગ પડીને ચૂંટણી રાજકારણમાં એન્ટ્રી કરી હતી. બે વર્ષ અગાઉ ભ્રષ્ટાચાર વિરોધી આંદોલનના સ્થળ ઐતિહાસિક રામલીલામાં જાહેર કાર્યક્રમમાં કેજરીવાલે શપથ લીધા હતા. કેજરીવાલની સાથે અન્ય છ સભ્યો મનિષ સિસોદિયા, ગિરીશ સોની, રાખી બિડલા, સત્યેન્દ્ર જૈન, સૌરભ ભારદ્વાજ, સોમનાથ ભારતીને પણ ઉપ રાજ્યપાલ નજીબ જંગે હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. કેજરીવાલે તમામ મહત્વના ખાતા પોતાની પાસે રાખ્યા છે જેમાં નાણાં, ગૃહ, ઉર્જાનો સમાવેશ થાય છે. કેબિનેટની પ્રથમ બેઠક પણ યોજાઈ હતી જેમાં તમામ પાસા પર ચર્ચા કરાયા બાદ કોઈ પણ પ્રધાન લાલબત્તીવાળી ગાડીનો ઉપયોગ કરશે નહીં તેવો નિર્ણય કરાયો હતો. અણણા હજારે અને તેમના સાથી કિરણ બેદીને આમંત્રણ આપવામાં આવ્યુ હોવા છતાં આ બંને શપથવિધિમાં ઉપસ્થિત રહ્યા ન હતા પરંતુ વિપક્ષના નેતા હર્ષવર્ધન શપથવિધિ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકોને આમંત્રણ આપવામાં આવ્યુ હતુ. ત્રીજી જાન્યુઆરી સુધી કેજરીવાલ સરકાર વિશ્વાસ મતનો સામનો કરનાર છે. જો તેમની હાર થશે તો લોકોનો સામનો કરવા માટે પણ તેઓ તૈયાર છે. દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણીમાં કોઈને પણ બહુમતિ ન મળ્યા બાદ જટિલ બહુમતી ઉભી થઈ હતી. ભારે ખેંચતાણ બાદ અંતે અરવિંદ કેજરીવાલ સરકારની રચના કરવા માટે તૈયાર થઈ ગયા હતા. તમામ મહત્વના ખાતા અરવિંદ કેજરીવાલે હાલમાં પોતાની પાસે રાખ્યા છે. રાજ્યના સાતમાં મુખ્યમંત્રી તરીકે કેજરીવાલે શપથ લીધા હતા.

## ગાંધીનગર ઠુઠવાયું


● અનુસંધાન પહેલાનું ચાલુ

કલાક સુધી સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં કોલ્ડવેવની સ્થિતિ યથાવત રહેશે તેવી ચેતવણી ઉચ્ચારી છે.

દેશના ઉત્તર અને પૂર્વીય રાજ્યોમાં પડી રહેલી ભીષણ ઠંડી બાદ શુક્રવારની રાત્રે અને શનિવારની વહેલી સવારે

ગુજરાતની પ્રજાએ પણ હાડ થીજવતી ઠંડીનો અનુભવ કર્યો હતો. શાળા-કોલેજોમાં ક્રિસમસની રજાઓ હોવાથી બાળકો અને કોલેજોના વિદ્યાર્થીઓને વહેલી સવારની ગાત્રો થીજવતી ઠંડીનો સામનો કરવો પડ્યો ન હતો પરંતુ વહેલી સવારે રોજગારી માટે નીકળતા શ્રમજીવીઓ તથા છુટક વેપારીઓ વગેરેને કડકડતી ઠંડીએ ધ્રુજવી દીધા હતા. ગુજરાતના અનેક વિસ્તારોમાં નોંધાયેલી ભારે ઠંડીથી સામાન્ય જનજીવન ભારે પ્રભાવિત થયું હતું અને સવારની રફતાર જાણે અટકી ગઈ હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. રાજ્યની મોટાભાગની પ્રજાએ વહેલી સવારે ગરમ ધાબળા તથા રજાઈઓમાં જ વીંટળાઈ રહેવાનું વધુ મુનાસીબ માન્યું હતું અને ગુજરાતની સવારે મોડી શરૂ થઈ હતી. ઠંડીને કારણે સહુથી વધુ કફોડી હાલત ફુટપાથ પર નિંદ્રા માણતા અત્યંત ગરીબ શ્રમજીવીઓ તથા ભિક્ષુકોની થઈ હતી જો કે કેટલીક સામાજીક સંસ્થાઓ આ વર્ષે પણ ધાબળા વિતરણનો કાર્યક્રમ ગઈકાલથી શરૂ કરી દીધો હતો અને ફુટપાથ પર સુઈ રહેલા ગરીબ શ્રમિકો તથા ભિક્ષુકોને વિનામુલ્યે ધાબળા તથા ગરમ વસ્ત્રોનું વિતરણ કર્યું હતું. દરમિયાન જોરદાર ઠંડીને કારણે મુંગા પશુઓની પણ હાલત કફોડી બની હતી જ્યારે અમદાવાદના પ્રાણી સંગ્રહાલય ખાતે જાનવરોને ઠંડીથી રક્ષણ આપવા હીટર તથા વીજળીના એક હજારના વોટના લેમ્પ ચાલુ કરી ગરમ વાતાવરણ પુરું પાડવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો.

## શબ્દાવલી - ૫૨૭૧



**આડી ચાવી**

૧. ધરતીકંપ (૩)
૪. લખવું તે (૩)
૬. શેતરંજી, જાજમ (૪)
૮. આત્મા (૨)
૧૦. બે ધ્રુવ સાંધતી કલ્પિત સુરેખા (૨)
૧૧. પકડવું તે (૩)
૧૨. વેપાર, વણિક વિદ્યા (૪)
૧૩. વગડો, રેતીનું મેદાન (૨)
૧૪. હરાજી (૩)
૧૬. આનંદ, મોજ (૨)
૧૭. ખરલ, વાટકાનો પથ્થર(૨)
૧૮. ચીસો પાડવી, કીલકારી(૪)
૨૦. પ્રહાર ઝીલવાનું સાધન(૨)
૨૧. સગડી (૨)
૨૨. દાટવું તે (૨)

**ઊભી ચાવી**

૨. ધ્રુજારી, ધ્રુજવું તે (૩)
૩. રસ્તો, રાહ (૩)
૪. લેવાનું હોય તેવું (૨)
૫. પાસે, જોડે (૩)
૭. સુંદર સ્ત્રી (૩)
૯. વટ, એક ઝાડ (૨)
૧૨. ખાટલા ભરવા વપરાતી દોરી (૫)
૧૩. રજાની મંજુરી માટે લખાથી ચિઠ્ઠી (૪)
૧૪. સેવાળ (૩)
૧૫. ગરજ (૪)
૧૭. ચોમાસું પાક (૩)
૧૯. સ્મરણ, યાદ હોવું તે (૨)

**શબ્દાવલી ૫૨૭૦ના જવાબ**

***આડી ચાવી :-*** (૧) સાગર (૩) આગમન (૫) હિમ (૬) જીજી (૭) પદવી (૮) વાન (૯) ફના (૧૦) કાવટ (૧૩) રોજી (૧૬) ભાલા (૧૮) જ્ઞાન (૨૦) ભાત (૨૧) વિજ (૨૨) સાગ (૨૩) વિક (૨૪) ના (૨૫) રમકડા ***ઊભી ચાવી :-*** (૧) સાહિત્ય (૨) ગમ (૩) આજીવીકા (૪) નમન (૬) જીદ (૭) પનારો (૮) વાડ (૧૧) વખ (૧૨) સ્વાભાવિક (૧૪) જીજ્ઞાસા (૧૫) ગતકડાં (૧૭) લાજ (૧૯) નગર (૨૦) ભાવિક



## ધાનેરામાં આમ આદમી પાર્ટીના લોકોએ ઝાડુથી જાહેર રસ્તાની સફાઈ કરી અનોખી ઉજવણી કરી

દિલ્હીમાં આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલે મુખ્યમંત્રી પદની શપથ લેતા તેના પડઘા બનાસકાંઠાના સરહદી વિસ્તારોમાં પણ પડી રહ્યા છે. ધાનેરાના આમ આદમી પાર્ટીના સદસ્યોએ અરવિંદ કેજરીવાલ મુખ્યમંત્રી બનતા ઉજવણી સાદાઈથી કરી હતી. આમ આદમી પાર્ટીના સદસ્યોએ ધાનેરાના જુના બસ સ્ટેન્ડ રોડની ઝાડુથી સફાઈ કરી અનોખી રીતે ઉજવણી કરી હતી. વધુમાં ધાનેરા આમ આદમી પાર્ટીના સંયોજક ઈન્દરભાઈ તુવરે જણાવ્યું હતું કે ધાનેરામાં આમ આદમી પાર્ટી દ્વારા અરવિંદ કેજરીવાલે દિલ્હીમાં મુખ્યમંત્રીની શપથ લેતા ધાનેરાના રોડોની ઝાડુ વડે સફાઈ કરી ઉજવણી કરવામાં આવી હતી. આ ઝાડુ વડે ધાનેરા શહેર અને સરકારી કચેરીમાં વ્યાપેલ ભ્રષ્ટાચારને પણ સાફ કરીશુ તેમજ આવનાર નગરપાલિકાથી લઈ સાંસદ સુધીની તમામ ચુંટણીઓમાં ઝંપલાવી ધાનેરાની રાજનીતીની ગંદકી સાફ કરીશું. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## કોમ્યુનિટી રેડિયો સ્ટેશન બંધ છતા પગલાઓ લેવાયા નથી

અમદાવાદ, તા.૨૮

ગુજરાત યુનિવર્સિટીમાં ત્રણ વર્ષ પહેલા સ્થાપવામાં આવેલ કોમ્યુનિટી રેડીયો સ્ટેશન છેલ્લા માસથી બંધ હાલતમાં છે તેમ છતાં યુનિવર્સિટી દ્વારા આ રેડીયો સ્ટેશન શરૂ કરવા માટે કોઈ પગલાં લેવામાં આવતા નથી. યુનિવર્સિટીનાં ત્રણ લાખ વિદ્યાર્થીઓને ઉપયોગી થવાના હેતુ બનાવેલ આ કોમ્યુનિટી રેડીયો સ્ટેશન યુનિવર્સિટીની લાપરવાહી ભોગ બની રહ્યું છે. ટ્રાન્સમીટર ટાવરમાં ટેકનીકલ ખામીના કારણે પ્રસાર થતું નથી. જેના કારણે યુનિવર્સિટીનું રેડીયો સ્ટેશન માત્ર શોભાના ગાંઠીયા સમાન બની રહ્યું છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ દેશના ૨૦ ઈએનઆરસીમાં માત્ર ચેન્નઈ યુનિવર્સિટી અને ગુજરાત યુનિવર્સિટી પાસે પોતાનું કોમ્યુનિટી રેડીયો સ્ટેશન છે. ગુજરાત યુનિવર્સિટીને આજથી ત્રણ વર્ષ પહેલા પૂર્વ કુલપતિ પરીમલ ત્રિવેદીના કાર્યકાળમાં કોમ્યુનિટી રેડીયો સ્ટેશન ચલાવવા માટે લાયસન્સ મળ્યું હતું.

# સ્ટેચ્યુ ઓફ યુનિટીનાં લોહા સંગ્રહ માટે વાહનો પ્રસ્થાન

### લોહપુરૂષ સરદાર સાહેબે દેશને એકતાથી જોડ્યો ન હોત તો જુનાગઢ જવા વિઝા લેવાનો વારો આવત : મુખ્યપ્રધાન

ગાંધીનગર, તા.૨૮

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણ



માટે ભારતનાં ગામે ગામ હાથ ધરાનારા લોહાસંગ્રહ અભિયાનના કીટ બોક્ષ લઈ જતાં ટ્રક-વાહનોના કાફલાને આજે અમદાવાદથી પ્રસ્થાન કરાવતાં જણાવ્યું કે દેશમાં હવે એકતાની દોડ એકતાનો જનમિજાજ રોકવાનો નથી. આ દેશ એકતાની શક્તિ ઉપર જ વિકાસ માટે આગળ વધવાનો છે.

જે દેશમાં રાજનીતિ વિભાજન ઉપર વિકસી રહી હોય અને સમાજ તોડો અને રાજ કરોની રાજકીય વિકૃતિવાળા વાતાવરણ છતાં એકતાનો મંત્ર લઈને રાષ્ટ્રભરમાં ૧૧૦૦ સ્થાનો ઉપર ૫૦ લાખ દેશવાસીએ એકતાની દોડ કરે તે જ આઝાદી પછીની જન ચેતનાની ઐતિહાસિક ઘટના છે એમ તેમણે જણાવ્યું હતું. ગુજરાત સરકારે સરદાર પટેલના એકતાનાં સ્મારક એવા સ્ટેચ્યુ ઓફ યુનિટીનાં નિર્માણમાં ભારતનાં ૭ લાખ ગામોની પવિત્ર માટી અને લોહપુરૂષ સરદાર સાહેબના પ્રિય કિસાનોએ વાપરેલા લોખંડના ખેત, ઓજારો પ્રતિકરૂપે એકત્ર કરવાનો લોહાસંગ્રહ અભિયાન ઉપાડ્યું છે. ભારતની ૧.૮૭ લાખ ગ્રામ પંચાયતો માટે કુલ ત્રણ લાખ કીટ બોક્ષ લઈને દેશનાં ખૂણે ખૂણે ૧૦૦૦ ટ્રકો સ્વયં સેવકો સાથે એકતાનો સંદેશો લઈને પહોંચશે જે લોખંડના ખેત ઓજારો, બે કરોડ નાગરીકોની સ્વરાજ્યની સ્વરાજ્ય પીટીશનમાં વિશ્વનાં સૌથી લાંબા બેનર્સ અને ગામો ગામની માટીનાં કળશ લઈ પરત આવશે.

ભારતભરમાં લોહા સંગ્રહ અભિયાનમાં ગામે ગામની માટી તેમજ સુરાજ્ય માટેનાં ૮૦ કિલોમીટર લાંબા પીટીશન હસ્તાક્ષર અને ખેત ઓજારનાં લોખંડ સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં એકતાની અદભૂત વિરાસત બનશે દેશના લાખો વિદ્યાર્થીઓ પોણા બે લાખ શાળાઓમાં એકતા વિશેની નિબંધ પ્રતિયોગિતામાં ભાગ લેશે અને ૫૫૦૦ વિજેતા શાળાઓને ઈનામો અપાશે.

## માર્ગ મોકળો થાય છે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દઈ સુતેલા છે. તેમના પગના લાલ તળિયાં દેખી જરા નામનો વ્યાધ હરણના પગ સમજી બાણ મારે છે અને ભગવાનની ક્ષમા માંગે છે. ભગવાન તેને ઉભો કરે છે અને કહે છે તું ડર નહીં આ તેં નથી કર્યું. મારી પ્રેરણાથી થયું છે. તું સ્વર્ગ લોકને પામીશ. જરા નામનો વ્યાધ ઉભો થઈ ત્રણ પરિક્રમા કરે છે અને ભગવાન તેને સ્વર્ગમાં વાસ કરાવે છે. ભગવાન પોતાની આંખો બંધ કરી સ્વદેહે સ્વધામ ગમન કરે છે. ભગવાન ન રહ્યા તેથી ભગવાનની આજ્ઞા પ્રમાણે બધા એ દ્વારકા છોડયા પછી ફકત ભગવાનના મંદિરને છોડીને આખી દ્વારકા નષ્ટ થઈ જાય છે. મથુરામાં અનિરૂધ્ધના પુત્રનો રાજયાભિષેક કરે છે અને હસ્તિનાપુરમાં પરીક્ષિતનો રાજયાભિષેક કરે છે. મહાભાગવત પુરાણનું જે શ્રવણ કરે તેને પ્રભુ પાસે જવાનો માર્ગ મોકળો થાય છે તેમ કહી પૂ. ગુરૂમા દશમ સ્કંધ સમાપ્ત કરે છે.

ભાગવત સપ્તાહની પૂર્ણાહુતી પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ગાંધીનગર સમાચારના મેનેજીંગ એડિટર શ્રી કૃષ્ણકાંત જહા પધાર્યા હતા. તેમની સાથે અધિક મુખ્ય સચિવ શ્રી હસમુખ અઢિયા સાહેબ અને સમદર્શન આશ્રમના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી મણિભાઈ ચૌધરી મંચ પર ઉપસ્થિત રહ્યા. શ્રી નટુભાઈ પટેલે પૂ. ગુરૂમાની ભાગવત કહેવાની શૈલીને ખૂબ બિરદાવી. ગાંધીનગર સમાચારના મેનેજીંગ એડિટર શ્રી કૃષ્ણકાંત જહાએ ગાંધીનગરની સ્થાપનાને હવે ૫૦ વર્ષ પૂરાં થવામાં છે તે અનુસંધાને ગાંધીનગરની સમસ્ત પ્રજાને પૂ. ગુરૂમાના શ્રીમુખેથી ભાગવત સપ્તાહ સાંભળવા મળે તે પ્રમાણે આયોજન કરવાની કલ્ચરલ ફોરમ વતી તૈયાર બતાવી. સ્વામીની આભાનંદજીએ પણ અહોભાવ વ્યકત કર્યો હતો. અંતમાં સમદર્શન ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી કિરીટભાઈ અધ્વર્યુએ આભારવિધિ વ્યકત કરી અને ભાગવત સપ્તાહના શ્રોતાઓને સમદર્શન આશ્રમ ખાતે દર સોમવારે અને શુક્રવારે સાંજના ૬.૩૦થી ૮.૦૦ દરમિયાન ચાલતા શ્રીમદ ભગવતગીતાના સત્સંગનો લાભ લેવા આમંત્રણ આપ્યું હતું.

**LIC મેળવો**
31 ડિસેમ્બર સુધી જ
રૂ. ૧,૦૦,૦૦૦ પેન્શન આજીવન
ભરો રૂ. ૭,૫૦૦ માસિક
ફક્ત ૧૩ વર્ષ માટે
નો યુલીપ, નો માર્કેટ રિસ્ક
**જય વસાવડા**
૯૯૨૫૦ ૦૪૬૬૯

**જાહેર નિવિદા નં.૨ સને ૨૦૧૩-૨૦૧૪**

| | |
|---|---|
| ૧. કામનું નામ | ટાટા ટ્રક-૧૨૧૦ એસ મોડલ ઉપર નવું ડ્રાયવર કેબીનનું ફેબ્રીકેશન અને ઈરેકશન કરવાનું કામ. તથા ફ્રન્ટ એન્ડ સ્ટ્રકચરનું જરૂરિયાત મુજબનું રીપેર કામ. |
| ૨. કામની અંદાજીત રકમ રૂ. | ૧૨૨૦૦૦/- |
| ૩. કોરા ટેન્ડર ડોક્યુમેન્ટ આપવાની છેલ્લી તારીખ | ૩/૧/૨૦૧૪ ૧૬.૦૦ કલાક સુધી |
| ૪. ભરેલ ટેન્ડર ડોક્યુમેન્ટ કચેરીને રજી.પો.એ.ડી./સ્પીડ પોસ્ટથી પહોંચાડવાની છેલ્લી તારીખ | ૯/૧/૨૦૧૪ ૧૬.૦૦ કલાક સુધી |
| ૫. ટેન્ડર ખોલવાની તારીખ અને સમય | ૧૦/૧/૨૦૧૪ ૧૨.૦૦ કલાકે |
| ૬. ટેન્ડર ફી (રોકડા) | રૂ. ૬૦૦/- |
| ૭. બાનાની રકમ રૂ. | ૧૫૦૦/- |

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, અમદાવાદ યાંત્રિક પેટા વિભાગ (મા.મ.) નં.૧, ભીક્ષુકગૃહ પાસે, ઓઢવ, અમદાવાદ (ફોન નં. ૦૭૯-૨૨૮૭૧૮૬૬) દ્વારા ઉપરની વિગતે મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડર ફોર્મ લેટર પેડની ઉપર અરજી, પાન કાર્ડ, કામના અનુભવનું પ્રમાણપત્ર સોલવન્સી સર્ટીફિકેટ રૂ. ૨૫,૦૦૦/- વિગેરે સાથે રજૂ કરનારને આપવામાં આવશે. પોસ્ટથી મંગાવનારને વધુ રૂ. ૧૫૦/- ભરવાના રહેશે. કોઈપણ કે બધા ટેન્ડર અસ્વીકાર કરવાનો અધિકાર ખાતાનો અબાધિત રહેશે. આ કામની વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ પર મુકવામાં આવેલ છે. ક્રમાંક/સંમાનિ/અમદ/૧૬૫૨/૨૦૧૩

**ટચૂકડી જાહેર ખબર**

**બાટીક હાઉસ**
Collection of Batik (Print) Clothes
ડ્રેસ, કુર્તી, ટોપ, લેગીન્સ, હેરમ, કેપ્રી, સ્કર્ટ, પર્સ, બાંધણી ડ્રેસ
**૧૦૦% કોટન**
પ્લોટ નં. ૪૭૧/૨, સેકટર-૧૨/બી, ગાંધીનગર.
મો. : ૯૯૨૫૮ ૧૦૦૭૯

**પ્લોટ અને ફ્લેટ વેચવાના છે**
ઘ-૬ કોર્નર, સે.૨૮માં ૨૩૫ વારનો પ્લોટ તથા સે.૪ડીમાં ગ્રાઉન્ડ ફ્લોરના ફ્લેટ તથા સે.૫સીમાં ફ્લેટ
સંપર્ક : ૯૮૨૫૮ ૦૫૧૪૧
સવારે : ૮ થી ૬

**દુકાન તથા ભોયરૂ ભાડે**
સે.૨૮, ઘ-૬ કોર્નર ઉપર
૨૦૦ ફૂટ તથા ભોયરૂ ૬૦૦ ફૂટ
મો. : ૯૮૨૫૮ ૦૫૧૪૧
સમય - સવારે ૮ થી સાંજે ૬